**નામ :– શ્રીયા ભાસ્કરરાય થાનકી**

**વિષય :–** Elective-1 Accounting-2

**F.Y.B.Com. – Sem. 2**

**Unit – 1** કૃષિનાં હિસાબો

## **૧.૧ પ્રાસ્તાવિક – કૃષિનો અને કૃષિનાં હિસાબોનો અર્થ**

"સામાન્ય અર્થમાં કૃષિ એટલે કે ખેતી. જમીન ખેડીને અનાજ–ફળ–ફૂલ ઉગાડવાની પ્રક્રિયા."

"કૃષિમાં થતી વિવિધ આર્થિક પ્રવૃત્તિઓનાં વ્યવહારોને નાણાકીય હિસાબી પદ્ધતિ મુજબ વર્ગીકૃત કરીને હિસાબોમાં નોંધવા અને તેના દ્વારા ખેતપ્રવૃત્તિનું પરિણામ પરિસ્થિતિ જાણવા જે હિસાબો તૈયાર કરવામાં આવે તેને કૃષિનાં હિસાબો કહેવાય."

ઔદ્યોગિક વિકાસને કારણે ખેતીને મળેતા એક ઉદ્યોગના દરજ્જાને લીધે કોર્પોરેટ સ્તરે ઘણી કૃષિ કંપનીઓ ઉદ્દભવી છે.

## **૧.૨ કૃષિનાં હિસાબોની ઉપયોગિત તેમજ મહત્ત્વ :**

- વિવિધ પાકનાં અલગત ખાતાં દ્વારા કોને વધુ મહત્ત્વ આપવું તે સરળતા રહે
- સરકારી સબસીડી મળી શકે
- બેન્કો તેમજ સહકારી મંડળઓ પાસેથી ધિરાણ મળી રહે
- ભાવ બાંધણું કે ટેકાના ભાવ માટે, સરકારી મહેસૂલ, પાક વીમા વખતે આધારરૂપ બને.
- ખેત પેદાશોની યોગ્ય વેચાણકિંમત નક્કી કરવા માટે
- ખેતીની જમીનના યોગ્ય વેચાણભાવ નક્કી કરવા માટે
- સુધારાલક્ષી પગલાં લેવા માટે.
- બિનજરૂરી ખર્ચા ઘટાડવા માટે
- કૃષિનું સાચું આર્થિક પરિણામ જાણવા માટે
- મૂડીરોકાણનું યોગ્ય વળતર જાણવા માટે
- પશુ વીમા વખતે મદદ મળે
- ખેતસાધનોનાં મૂલ્યાંકન વિશે માહિતી મળી રહે માટે

**૧.૩ કૃષિનાં ખર્ચા – આવકોનાં પ્રકારો તેમજ ખાસ વિગતો**

- **કૃષિને લગતાં ખર્ચા :–**

(૧) બિયારણ

(૨) ખાતર

(૩) જંતુનાશક દવા

(૪) પાણી

(૫) મજૂરી

(૬) ઊપજમાં ભાગ કે ભાડું

(૭) વીમા –પ્રિમિયમ

(૮) ઘસારો

(૯) લોનનું વ્યાજ

(૧૦) ટ્રેક્ટર ખર્ચ

- **કૃષિને લગતી ઊપજો :**

(૧) મુખ્ય પાક

(૨) ઘાસ

(૩) ઢોરની ઊપજ (આડપેદાશની ઊપજ)

**૧.૪** ખેતર અને ખેતીનાં ખાતાં, નફા–નુકસાન ખાતાંને સમાવતાં કૃષિ હિસાબોના વ્યવહારૂ પ્રશ્નો (પાકું સરવૈયું બનાવવાનો મુદ્દો બાકાત રાખેલ છે.)

**શ્રી.....નું તા. ...... નાં રોજ પૂરાં થતાં વર્ષનું કૃષિ ખાતું**

| ઉધાર | | જમા | |
|---|---|---|---|
| **વિગત** | **રૂા.** | **વિગત** | **રૂા.** |
| <u>શરૂનો સ્ટોક :</u> | | <u>વેચાણ :</u> | |
| પાક | | પાક | |
| ઘાસ | | ઘાસ | |
| બી | | ઢોરની પેદાશ (દૂધ, ઘી વગેરે) | |
| ખાતર | | ઘર વપરાશ માટે રાખેલ પાક | |
| જંતુનાશક દવા | | બી મટો રાખેલ પાક | |
| <u>ખરીદી :</u> | | મજૂરી પેટે આપેલ પાક | |
| ખાતર | | ધર્માદા આપેલ પાક | |
| બી | | ચોરાઈ ગયેલ પાક | |
| જંતુનાશક દવા | | પોતાના ઢોરને ખવડાવેલ રજકો/પાક | |
| જમીન–મહેસૂલ | | સરકારી સબસીડી | |
| સાથીનો ખર્ચ | | શેઢાની આવક | |
| ચોકી ખર્ચ | | ઢોર પર નફો | |
| પાણીનો ખર્ચ | | <u>આખરસ્ટોક:</u> | |
| વીજળી ખર્ચા / બિલ | | પાક | |
| ખેડ/નિંદામણ ખર્ચ | | ઘાસ | |
| <u>મજૂરી :</u> | | ખાતર | |
| રોકડમાં | | બી | |
| પાકરૂપે | | જંતુનાશક દવા | |
| ઘરના લોકોની | | પોતાના ઢોરનું છાણિયુ ખાતર | |
| <u>છાણિયું ખાતર:</u> | | ચોખ્ખી ખોટ | |
| રોકડમાં ખરીદેલ | | | |
| પોતાનાં ઢોરોનું | | | |
| ખેત–સાધનોનો ઘસારો, મરામત ખર્ચ | | | |
| <u>વીમા–પ્રિમિયમ :</u> | | | |
| પાકનું | | | |
| ઢોરનું | | | |
| સાધનોનું | | | |
| લોનનું વ્યાજ | | | |
| ઢોરનાં ખર્ચા | | | |
| ઢોરનું ખર્ચા | | | |
| ઢોરનું નુકસાન | | | |
| ચોરીથી થયેલ નુકસાન | | | |
| ધર્માદો | | | |

| | | | |
|---|---|---|---|
| પરચૂરણ ખર્ચ<br>ચોખ્ખો નફો | | | |

વ્યવહારિક પ્રશ્નો ઉકેલવા ધ્યાનમાં રાખવાના મદ્દા :

– સૌ પ્રથમ ધ્યાનપૂર્વક આપેલા પ્રશ્નની રકમ વાંચો.

– ત્યારબાદ હવાલા કે વધારાની માહિતીમાં સુધારવાના મુદ્દા પર માર્ક લગાવો.

– ઉપરોક્ત નમૂના મુજબ કૃષિ ખાતું તૈયાર કરો.

– કાચા સરવૈયામાં આપેલ બાબતોને એક સરસ કૃષિ ખાતે કરવી.

– જયારે હવાલાની અંદર કાચા સરવૂયાની કોઈ વીગત અંગે સુધારો – વધારો સૂચવ્યો ઓય ત્યારે કૃષિ ખાતે તેમજ નફા – નુકશાન ખાતું બનાવ્યું હોય તો તેમાં નોંધ કરવી.

– બધા જ હવાલાઓ નાખ્યા પછી કૃષિ ખાતાનો સરવાળો કરતાં ચોખ્ખી ખોટ કે ચોખ્ખો નફો મળશે.

– મજૂરી પેટે ધર્માદામાં આપેલ અને ઢોરને ખવડાવેલ અનાજની કૃષિ ખાતામાં ઉધાર અને જમાં બંને બાજુ નોંધ થશે.

– વાડનો ખર્ચ જેટલા વર્ષમાં માંડી વાળવાનો હોય તેટલા વર્ષની સંખ્યા વડે રકમને ભાગીને કૃષિ ખાતે નોંધવો.

## Unit – 2 રોયલ્ટીનાં હિસાબો

### ૨.૧ રોયલ્ટીનો અર્થ અને પરિચય – રોયલ્ટી કરાર

"ઉત્પાદન કે વેચાણના ધોરણે ખાણના માલિકને, નવી શોધના શોધકને, પુસ્તકના લેખકને, ગીતકારને તેના ગીત બદલ, સંગીતકાર ને તેના સંગીત બદલ અને અન્ય કોઈ વ્યક્તિને તેના હક્કનો ઉપયોગ કરવા દેવા બદલ ચૂકવેલ રકમને રોયલ્ટી કહેવાય."

"રોયલ્ટી એટલે કોઈ મિલકતનો ઉપયોગ કરવા દેવા બદલ તેવા ઉપયોગમાંથી ઉદ્ભવતી આવકના નિયત કરેલા અમુક ભાગ પર આધારિત વળતર." – શ્રી. કોલહર

રોયલ્ટીની બાબતમાં મિલકતોનો ઉપયોગ કરવાનો હક આપનાર અને ઉપયોગ કરવા માટેનો હક લેનાર વચ્ચે કરાર થાય છે, જેને 'રોયલ્ટી કરાર' અથવા 'ભાડાપટ્ટો' કહેવાય છે.

**– કરારમાં દર્શાવાતી વીગતો :**

(૧) કરારની મુદત (૪) ઓછા કામનું વળતર

(૨) રોયલ્ટીની રકમ (૫) જમીય ભાડું

(૩) લઘુતમ ભાડું (૬) અન્ય શરતો

## ૨.૨ રોયલ્ટીના હિસાબો સંબંધિત પરિભાષિક શબ્દો

**લઘુતમ ભાડું :**

ઉત્પાદન કે વેચાણ થાય કે ન થાય તોપણ ભાડે રાખનાર મિલકતના માલિકને ઓછામાં ઓછી જે નિયત રકમ ચૂકવવી પડે તેને 'લઘુતમ ભાડું' કહે છે.

**ઓછા કામનું નુકશાન :**

જયારે ઓછુ કામ થવાના કારણે રોયલ્ટીની રકમ કરતાં જેટલી વધું રકમ મિલકતના માલિકને ચૂકવવી પડે છે તે.

**મજરે મેળવવું અને મજરે ન મળવું :**

જયારે ગયા વર્ષ દરમ્યાન ઓછું કામ થયેલ હોય તો તે નુકશાન ચાલુ વર્ષે થયેલ નફાના વધારા સામે બાદ મળે તો તેને નુકશાન 'મજરે મળ્યું' કહેવાય અને ન મળે ત્યારે 'મજરે ન મળે' તેમ કહેવાય.

## ૨.૩ રોયલ્ટી નક્કી કરવાના મૂળભૂત આધારો

રોયલ્ટી ઉત્પાદન કે વેચાણના આધારે ચૂકવાય છે ઉત્પન્ન કરેલ એકમના ધોરણે ચૂકવાતી રોયલ્ટી વેપાર કે ઉત્પાદન ખાતે, ઉત્પાદન ખર્ચ તરીકે નોંધાશે. જો વેચેલ એકમના આધારે રોયલ્ટી ચૂકવાય તો વેચાણ ખર્ચ હોઈ નફા – નુકશાન ખાતે ઉધારવી જોઈએ. રોયલ્ટી ઊપજ – ખર્ચ અંગેનું ખાતું હોવાથી વર્ષને અંતે તેને નફા – નુકશાન ખાતે બંધ કરવામાં આવે છે.

– રોયલ્ટીના ગણતરીના આધારો : (૧) કાચો નફો (અમૂક %)
(૨) ચોખ્ખો નફો (અમૂક %)
(૩) એકમદીઠ કિંમત લેખે
(૪) લઘુતમ ભાડાના આધારે

## ૨.૪ રોયલ્ટી સંબંધિત હિસાબી ગણતરી (કોષ્ટક દ્વારા)

– ભાડાપટ્ટા કરારનાં દર વર્ષે માલિકને ચૂકવવાની રકમ નીચેના કોષ્ટક દ્વારા નક્કી થાય છે.

**રોયલ્ટીનું કોષ્ટક**

| **વર્ષ** | **ઉત્પાદન** | **ખરેખર રોયલ્ટી** | **લઘુતમ ભાડું** | **ઓછા કામનું નુકશાન** | **મજરે મળે તેવું ઓછું કામ** | **મજરે ન મળે તેવું ઓછું કામ** | **ઓછા કામની બાકી** | **માલિકને ચૂકવવાની રકમ** |
|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૩) – (૪) = (૫) | (૬) | (૭) | (૮) | (૯) |
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

**૨.૫ હિસાબી કાર્યવાહી : રોયલ્ટીના વ્યવહારોની આમનોંધ અને ખાતાવહીમાં જરૂરી ખાતાં**

**– ખાણ ભાડે રાખનાર તથા ખાણમાલિકના ચોપડે આમનોંધ :**

**– ખાણ ભાડે રાખનારના ચોપડે આમનોંધ**

(૧) રોયલ્ટી શૂન્ય હોય ત્યારે :

ઓછા કામના નુકશાન ખાતે ઉ.

તે ખાણમાલિક ખાતે

(૨) રોયલ્ટી લઘુતમ ઘાડા કરતાં ઓછી હોય ત્યારે :

રોયલ્ટી ખાતે ઉ.

ઓછા કામના નુકશાન ખાતે ઉ.

તે ખાણમાલિક ખાતે

(૩) રોયલ્ટી લઘુતમભાડા જેટલી કે તેથી વધુ હોય પણ ઓછા કામનું નુકશાન મજરે મળી શકે તેમ ન હોય :

રોયલ્ટી ખાતે ઉ.

તે ખાણમાલિક ખાતે

(૪) રોયલ્ટી લઘુતમ ભાડા કરતાં વધું હોય અને ઓછું કામ મજરે મળી શકે ત્યારે :

રોયલ્ટી ખાતે ઉ.

તે ઓછા કામના નુકશાન ખાતે

તે ખાણમાલિક ખાતે

(૫) ખાણમાલિકને રકમ ચૂકવાય ત્યારે :

ખાણમાલિક ખાતે ઉ.

તે બેન્ક ખાતે

(૬) વર્ષના અંતે રોયલ્ટીની રકમ નફા – નુકશાન ખાતે લઈ જઈએ ત્યારે :

નફા – નુકશાન ખાતે ઉ.

તે રોયલ્ટી ખાતે

(૭) વર્ષના અંતે મજરે ન મળે તેવી ઓછા કામની બાકી નફા – નુકશાન ખાતે જાય ત્યારે :

નફા – નુકશાન ખાતે ઉ.

તે ઓછા કામના નુકશાન ખાતે

(૮) જયારે લઘુતમ ભાડા ખાતું ખોલવાનું હોય ત્યારે :

રોયલ્ટી ખાતે ઉ.

ઓછા કામના નુકશાન ખાતે ઉ.

તે લઘુતમ ભાડા ખાતે

લઘુતમ ભાડા ખાતે ઉ.

તે ખાણમાલિક ખાતે

– **ખાણકમલિકના ચોપડે આમનોંધ :**

(૧) રોયલ્ટી શૂન્ય હોય ત્યારે :

ખાણ ભાડે રાખનાર ખાતે ઉ.

તે ઓછા કામ ઉપલક ખાતે

(૨) રોયલ્ટી લઘુતમ ભાડા કરતાં ઓછી હોય ત્યારે :

ખાણ ભાડે રાખનાર ખાતે ઉ.

તે લેણી રોયલ્ટી ખાતે

તે ઓછા કામ ઉપલક ખાતે

(૩) રોયલ્ટી લઘૂતમ ભાડા જેટલી કે વધું હોય અને ઓછા કામનું નુકશાન મજરે ન મળી શકે ત્યારે :

ખાણ ભાડે રાખનાર ખાતે ઉ.

તે લેણી રોયલ્ટીખાતે

(૪) રોયલ્ટી લઘુતમ ભાડાથી વધુ હોય અને ઓછું કામ મજરે ન મળે ત્યારે :

ખાણ ભાડે રાખનાર ખાતે ઉ.

ઓછા કામ ઉપલક ખાતે ઉ.

તે લેણી રોયલ્ટી ખાતે

(૫) ખાણે ભાડે રાખનાર તરફથી રકમ મળે ત્યારે :

બેન્ક ખાતે ઉ.

તેખાણ ભાડે રાખનાર ખાતે

(૬) વર્ષના અંતે લોહી લેણી રોયલ્ટી નફા – નુકશાન ખાતે લઈ જઈએ ત્યારે :

લેણી રોયલ્ટી ખાતે ઉ.

તે નફા – નુકશાન ખાતે

(૭) વર્ષના અંતે જો ઓછા કામના ઉપલક ખાતાની રકમ મજરે ન આપી શકાય ત્યારે :

ઓછા કામના ઉપલક ખાતે ઉ.

તે નફા – નુકશાન ખાતે

– **ખાણ ભાડે રાખનારનાં ચોપડે જરૂરી ખાતાં :**

(૧) લઘુતમ ભાડા ખાતું

(૨) રોયલ્ટી ખાતું

(૩) ઓછા કામના નુકશાનનું ખાતું

(૪) ખાણમાલિકનું ખાતું

– **ખાણમાલિકના ચોપડે જરૂરી ખાતાં :**

(૧) લેણી રોયલ્ટી ખાતું

(૨) ઓછા કામનું ઉપલક ખાતું

(૩) ખાણ ભાડે રાખનારનું ખાતું

**ખાતાનું ફૉર્મેટ :**

**ઉધાર** **જમાં**

| **તારીખ** | **વિગત** | **રૂ.** | **તારીખ** | **વિગત** | **રૂ.** |
|---|---|---|---|---|---|
| પ્રથમ વર્ષ | | | | | |
| | | | | | |
| | | | | | |
| બીજુ વર્ષ | | | | | |
| | | | | | |
| | | | | | |

Unit – 3 પુનઃસ્થાપનાના હિસાબો

**૩.૧ પ્રાસ્તાવિક – અર્થ**

"જૂની મિલકતને નવેસરથી વસાવવી, મરામત કરાવવી કે તેમાં સુધારા – વધારા કરવા એટલે મિલકતોની પુનઃસ્થાપના કરવી."

જેમ કે જૂના કારખાનાંની જગ્યાએ નવું મોટું કારખાનું ઊભું કરવામાં આવે. સરકાર જૂના પુલના સ્થાને નવા પુલનું બાંધકામ કરે, વીજળી કંપની જૂની મેઈન્સ કાઢીનાખી તેના સ્થાને નવી મેઈન્સ નાખે વગેરે.

**૩.૨ પુનઃસ્થાપના ખર્ચની ફાળવણી : મૂડી ખર્ચ કે મહેસૂલી**

(૧) તોડી પાડેલ મિલકતના ખાતાંની ચોપડે જે બાકી હોય તે યથાવત રહે છે.

(૨) પુનઃસ્થાપના પાછળ જે નવું ખર્ચ થાય તેમાંથી જૂની મિલકતની નવી કિંમત જેટલી રકમ મહેસૂલી ખર્ચ ગણી પુનઃસ્થાપના ખાતે ઉધારશે. કુલ ખર્ચમાંથી આ રીતનું પુનઃસ્થાપના ખર્ચ બાદ જતાં વધતી રકમ મૂડી ખર્ચ તરીકે નવી મિલકત ખાતે ઉધાર થશે.

(૩) તોડી પાડેલ જૂની મિલકતના માલસામાનના ભંગારના વેચાણમાંથી ઊપજતી રકમ મહેસૂલી આવક તરીકે પુનઃસ્થાપના ખર્ચ ખાતે જમાં લેવાય છે.

(૪) તે જ રીતે જો જૂના માલસામાનનો નવા બાંધકામમાં ઉપયોગ થાય તો તેની કિંમતની આકારણી કરી આવતી રકમ નવા બાંધકામ ખાતે મૂડી ખર્ચ તરીકે ઉધારવામાં આવે છે, અને પુનઃસ્થાપના ખાતે મહેસૂલી આવકરૂપે જમાં થાય છે.

(૫) પુનઃસ્થાપના ખાતાની બાકી ઉપરોક્ત નોંધો કર્યા બાદ ચોખ્ખું મહેસૂલી ખર્ચ દર્શાવશે જે મહેસૂલી ખર્ચ ખાતે લઈ જઈ પુનઃસ્થાપના ખાતું બંધ કરવામાં આવશે.

(૬) પુનઃસ્થાપના ઉપરાંત જો કોઈ વધારાની કે સહાયક મિલકત ઊભી કરવામાં આવતી હોય તો તે અંગેનું તમામ ખર્ચ મૂડી ખર્ચ ગણાશે અને જે – તે મિલકત ખાતે ઉધાર થશે.

### ૩.૩ પુનઃસ્થાપનાની હિસાબી આમનોંધ :

(૧) મિલકતની પુનઃસ્થાપના માટે કરવામાં આવેલ રોકડા ખર્ચ અંગે :

| | |
|---|---|
| પુનઃસ્થાપના ખાતે | ઉ. (મહેસૂલી ખર્ચ) |
| મિલકત ખાતે | ઉ. (મૂડી ખર્ચ) |
| તે બેન્ક ખાતે | |

(૨) જૂના માલસામાનનો નવા બાંધકામમાં ઉપયોગ :

| | |
|---|---|
| મિલકત ખાતે | ઉ. |
| તે પુનઃસ્થાપના ખાતે | |

(૩) જૂના માલસામાનના ભંગારની ઊપજ :

| | |
|---|---|
| બેન્ક ખાતે | ઉ. |
| તે પુનઃસ્થાપના ખાતે | |

(૪) તદ્દન નવી કે સહાયક મિલકત ઊભી કરવા :

| | |
|---|---|
| મિલકત ખાતે | ઉ. |
| તે બેન્ક ખાતે | |

(૫) પુનઃસ્થાપના ખાતાની બાકી મહેસૂલી ખર્ચ ખાતે લઈ જઈ ખાતું બંધ કરવા અંગે :

મહેસૂલી ખર્ચ ખાતે ઉ.

તે પુનઃસ્થાપના ખાતે

– **મહત્વના સૂત્રો :**

(૧) કુલ ખર્ચ = રોકડ ખર્ચ + જૂના માલસામાનનો નવા બાંધકામમાં ઉપયોગ

(૨) મહેસૂલી ખર્ચ = જૂની મિલકતની નવી / વર્તમાન કિંમત

(૩) જૂની મિલકતની = જૂની કિંમત + માલસામાન અને નવી વર્તમાન કિંમત મજૂરી ખર્ચમાં થયેલ ભાવવધારો

(૪) મૂડી ખર્ચ = કુલ ખર્ચ – જૂની મિલકતની નવી કિંમત

(૫) મહેસૂલી આવક = માલસામાનનાં ભંગારના વેચાણની ઊપજ + જૂના સામાનનો નવા બાંધકામમાં વપરાશ ખર્ચ

(૬) ચોખ્ખું મહેસૂલી ખર્ચ = પુનઃસ્થાપના ખર્ચ – મહેસૂલી આવક

અથવા

= જૂની મિલકતની નવી કિંમત – (ભંગાર વેચાણ + જૂના સામાનનો વપરાશ)

**મૂડી અને મહેસૂલી ખર્ચ**

**અથવા**

**પુનઃસ્થાપના ખર્ચની ફાળવણીનું પત્રક**

| **વિગત** | **રૂ.** | **મૂડી ખર્ચ રૂ.** | **મહેસૂલી ખર્ચ રૂ.** |
|---|---|---|---|
| (૧) મિલકતની જૂની ચોપડે કિંમત | | | |
| (૨) ઉમેરો : ભાવવધારો | | | |
| (૩) કુલ ખર્ચમાંથી મહેસૂલીખર્ચ બાદ કરતા રહેતો વધારો | | | |
| બાદ : (૧) જૂનો માલસામાન વેચ્યો<br>(૨) જૂનો માલસામાન વાપર્યો | | | |
| | | | |

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |

Unit – 4 હપ્તા પદ્ધતિ હેઠળ વેચાણનાં હિસાબો

**૪.૧ પ્રાસ્તાવિક – અર્થ**

હપ્તા પદ્ધતિથી વેચનાર જયારે માલ – મિલકત વેચે ત્યારે ખરીદનાર સાથે કરાર કરે છે. કરાર મુજબ નક્કી કરેલ મિલકતની કરાર કિંમત ખરીદનાર ચૂકવે છે. તે માટે નિયત રકમના હપ્તા, નિયત સમયે ચૂકવવા પડે છે. વળી તેમાં નિયત દરે વ્યાજ પણ આપવું પડે છે.

માલ – મિલકતની કરારકિંમત = રોકડકિંમત + કુલ વ્યાજ

**૪.૨ હપ્તા પદ્ધતિમાં થતો કરાર**

– **કરારમાં આવતી વિવિધ બાબતો :**

(૧) રોકડકિંમત (૪) હપ્તાની રકમ

(૨) કરારકિંમત (૫) કરાર વખતે ચૂકવાતી રકમ

(૩) વ્યાજનો દર (૬) અન્ય વિગતો

**૪.૩ હપ્તા પદ્ધતિ હેઠળ વેચાણમાં આવતી આમનોંધ અને ખાતાઓ**

– **ખરીદનારના ચોપડે :**

(૧) કરાર કરતી વખતે

મિલકત ખાતે ઉ.

વ્યાજ – ઉપલક ખાતે ઉ.

તે વેચનાર ખાતે

(૨) કરારકિંમત ચૂકવાય ત્યારે :

વેચનાર ખાતે ઉ.

તે બેન્ક ખાતે

(૩) હપ્તો ચૂકવવાપાત્ર થાય ત્યારે :

વ્યાજ ખાતે ઉ.(હપ્તાનું વ્યાજ)

તે વ્યાજ – ઉપલક ખાતે

(૪) હપ્તો ચૂકવાય ત્યારે :

વેચનાર ખાતે ઉ.

તે બેન્ક ખાતે

(૫) ઘસારાની હવાલાનોંધ :

ઘસારાખાતે ઉ.

તે મિલકત ખાતે

(૬) વાર્ષિક હિસાબો બનાવતી વખતે :

નફા – નુકશાન ખાતે ઉ.

તે વ્યાજ ખાતે

તે ઘસારા ખાતે

– **વેચનારના ચોપડે :**

(૧) કરાર થાય ત્યારે :

ખરીદનાર ખાતે ઉ.

તે વેચાણ ખાતે (રોકડા કિંમત)

તે વ્યાજ– ઉપલક ખાતે (કુલ વ્યાજ)

(૨) કરાર વખતે નાણાં મળે :

બેન્ક ખાતે ઉ.

તે ખરીદનાર ખાતે

(૩) હપ્તો મળવાપાત્ર થાય ત્યારે :

વ્યાજ – ઉપલક ખાતે ઉ. (જે – તે વ્યાજની રકમ)

તે વ્યાજ ખાતે

(૪) હપ્તો મળે ત્યારે :

બેન્ક ખાતે ઉ.

તેખરીદનાર ખાતે

(૫) વાર્ષિક હિસાબો વખતે નોંધ :

વ્યાજ ખાતે ઉ.

તે ન. નુ. ખાતે

– **ખરીદનારનાં ચોપડે જરૂરી ખાતાં :**

(૧) વ્યાજ ખાતું

(૨) વ્યાજ – ઉપલક ખાતું

(૩) ઘસારા ખાતું

(૪) મિલકત ખાતું

(૫) વેચનારનું ખાતું

– **વેચનારના ચોપડે જરૂરી ખાતા :**

(૧) ખરીદનારનું ખાતું

(૨) વ્યાજ ખાતું

(૩) વ્યાજ – ઉપલક ખાતું

ખાતાનું ફોર્મેટ તારીખ, વીગત અને (રૂ.) ઉધાર અને જમાં ને બાજુએ રહેશે.

**વ્યાજ અને ઘસારાની ગણતરીનું કોષ્ટક**

| **તારીખ** | **હપ્તાની કુલ રકમ** | **હપ્તામાં વ્યાજ** | **હપ્તાની રોકડ** | **મિલકત પેટે ચૂકવવાની બાકી** | **ઘસારો રૂ.** |
|---|---|---|---|---|---|
| (૧) કરાર વખતે ચૂકવણી | | | | | |
| (૨) પ્રથમ હપ્તો | | | | | |
| (૩) બીજો હપ્તો | | | | | |
| (૪) ત્રીજો હપ્તો | | | | | |
| કુલ | | | | | |